# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૨ કેસ

## સરગાસણમાં-૧, કુડાસણમાં-૨, કોલવડામાં-૧, કલોલમાં-૩, બદપુરામાં-૨, ઈટાદરામાં-૧, કલ્યાણપુરામાં-૧, દહેગામના ખાનપુર ગામમાં-૧ કેસ : જિલ્લામાં હાહાકાર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૨ જેટલા કોરોના પોઝીટીવના કેસ મળી આવતા તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના સરગાસણ, કુડાસણ વિસ્તારમાંથી કેસો મળ્યા છે. આ ઉપરાંત કલોલ અર્બન એરિયામાંથી ૩ કેસ મળ્યા છે તો ૩ કેસ માણસા તાલુકામાંથી મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના બદપુરા ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેઓનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ ૨૦ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવા ઉપરાંત ૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરી છે.

બદપુરામાં આ સાથે નોંધાયેલા કેસોની સંખ્યા ૬ થઈ છે. આ બન્નેને ગઈકાલે લક્ષણો જણાતાં તેમને ગાંધીનગર સિવિલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા અને બન્ને દર્દીના રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યા છે. આ બન્ને દર્દી ગઈકાલે મળેલ દર્દી સાથે હિંમતનગર ગયા હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકામાં ઈટાદરા ખાતે આજે એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ પુરૂષને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ જ હતા. તેમનું ઓપરેશન કરવાનુ જરૂરી જણાતાં તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા ઈટાદરામાં ૭૯ લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે તેમજ સેનીટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

કલોલ અર્બન વિસ્તારમાંથી પણ આજે વધુ ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગઈકાલે ધમાસણા ખાતેથી કેસ મળ્યો હતો. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત અર્બન-૨ વિસ્તારમાંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધ ઉપરાંત એક આધેડનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ ત્રણેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના રહેઠાણને સેનીટાઈઝેશન કરવા ઉપરાંત આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ દર્દીઓના પરિવારજનોને ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં કોલવડા ખાતેથી આજે વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવેલ છે. આ દર્દીને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ જ્યાં તેમણે તકલીફો અંગે ધ્યાન દોરતાં તંત્રની ટીમે નમુના લઈ પરીક્ષણ માટે મોકલ્યા હતા. જ્યાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કુડાસણમાંથી પણ બે દર્દી મળી આવેલ છે જો કે આ પૈકીના એક દર્દી અમદાવાદના રહીશ હોવાથી તંત્રએ તેમનો સમાવેશ અમદાવાદના દર્દી તરીકે કરવા રજુઆત કરી હોવાનુ જાણવા મળેલ છે. જો કે તંત્ર દ્વારા આ બન્ને દર્દીઓના ત્યાં આનુસંગિક કામગીરી કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સરગાસણ વિસ્તારમાંથી આજે એક કેસ કોરોનાનો પોઝીટીવ મળી આવેલ છે. ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

# શહેરમાં વધુ ૩ કેસ

### સે. ૯, ૨૮ અને ૨૯ માંથી કેસ મળ્યા : એક અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ ૩ નવા કેસ સાથે મનપામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૭ પર પહોંચી છે.

આજે મળેલા કેસોમાં એક પુરૂષ દર્દી છે તો બે કેસ મહિલા દર્દીના છે. મળતી વિગતો પ્રમાણે પુરૂષ દર્દી જે મળ્યા છે તેમણે લેખિત બાંહેધરી આપતાં તેમને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. જ્યારે બે મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા નવા મળી આવેલા આ દર્દીઓના નિવાસસ્થાનને સેનીટાઈઝ કરવા ઉપરાંત આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કાર્યવાહી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આજે સે. ૯ માંથી એક અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાજ્ય સરકારના મહત્વના નિગમમાં આ અધિકારી તેમની ફરજો બજાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય વિભાગે કરેલા પરિપત્ર પછી આ અધિકારીએ હોમ આઈસોલેશનની લેખિત બાંહેધરી તંત્રને આપી છે અને તેમને હોમ આઈસોલેશનની મંજૂરી પણ તંત્રએ આપી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં તેઓ ૪ થા દર્દી છે જેમણે હોમ હાઈસોલેશનની બાંહેધરી આપતાં તંત્રએ તેમને મંજૂરી આપી છે. અગાઉ સે. ૮-સી અને સે. ૭-સી માં પોઝીટીવ દર્દીઓને હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



લોકડાઉનમાં ઠપ્પ થઈ ગયેલું ઘ-૪ના અન્ડરબ્રિજનું કામ પુનઃ શરૂ થઈ ચુકયું છે. લગભગ બે માસ કરતાં વધુ સમયથી બંધ રહેલું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે તંત્રએ કમર કસી છે. શહેરના સૌથી વધુ ટ્રાફીક અવર-જવર ધરાવતા જંકશન પર ઝડપથી અંડરબ્રિજ થાય એવા હેતુસર કામમાં ઝડપ કરવા સંબંધિત કોન્ટ્રાક્ટરોને તાકિદ કરાઈ હતી.

# ગાંધીનગર ડીડીઓ આર. આર. રાવલ વલસાડ કલેક્ટર તરીકે નિમાયા

### ગાંધીનગર ડી.ડી.ઓ. તરીકે કુ. શાલિની દુહાન નિમાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલની બદલી વલસાડ જિલ્લા કલેક્ટર તરીકે કરતા હુકમો આજે મોડી સાંજે જાહેર કરવામાં આવ્યા છે.

રાવલે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે નોંધનીય સેવાઓ આપી છે. રાવલ વલસાડના કલેક્ટર સી.આર. ખરસાણ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા હોય તેમની જગ્યાએ તેમની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ૨૦૧૬ની બેચના સનદી અધિકારી કુ. શાલિની દુહાનની નિયુક્તી કરવામાં આવી છે. આ બન્ને અધિકારીઓ કાલે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે.

સુરેન્દ્રનગરના ડી.ડી.ઓ. તરીકેથી શરીફ હુડાની નિમણુંક કરવામાં આવી છે. તો વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા કે.ડી. કાપડિયાના સ્થાને એચ.આર. પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

આ ઉપરાંત મોરબીના ડી.ડી.ઓ. ખટાણા વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમની જગ્યાએ પી.જે. ભગદેવને નિયુક્ત કરવામાં આવ્યા છે. ખેડામાં સુઘર ન્યુમરી એડીશનલ કલેક્ટર તરીકે રહેલા મયુર મહેતાને સભ્ય સચિવ પાણી-પુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જગ્યાનો વધારાનો હવાલો આર.એસ. નિનામા પાસે હતો તેમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા છે.

# શહેરમાં હવામાન પલ્ટો વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીમાં રાહત

### સવાર થી આકાશમાં વાદળોની અવરજવર : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નજીવો ફેરફાર : ગરમીનો પારો હજુ ૪૧ ડીગ્રીએ : બપોરના સમયે આકરી ગરમી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં આજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. રોજબરોજ વધતી ગરમી વચ્ચે આજે આકાશી નઝારો બદલાયો હતો. આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ પ્રમાણ પણ આંશિક ઘટયુ હતુ. આકરા તાપમાં નગરજનોને રાહત મળી હતી જયારે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. જો કે વાતાવરણમાં દિવસ દરમિયાન બફારો યથાવત રહ્યો હતો.



ગાંધીનગરમાં છેલ્લા દસ દિવસથી ગરમીનુ રોદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યુ છે. ગરમીનો પારો ૪૧ થી ૪૪ ડીગ્રી રહેવાની સાથે રાજયના સૌથી ગરમ શહેર તરીકે પણ ગાંધીનગર પ્રથમ ક્રમે રહ્યુ છે. થોડા દિવસ અગાઉ પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી સાથે રાજયના સૌથી ગરમ શહેર તરીકે પણ ગાંધીનગર પ્રથમ રહ્યુ હતુ. છેલ્લા દોઢ મહીનાથી શહેરમાં ગરમીનો પારો સતત ઉંચો રહે છે. ગત તા ૧૧ એપ્રિલથી સતત ગરમીનુ મોજુ ફરી વળતા નગરજનો હવે ગરમીથી બેબાકળા બની ગયા છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે ગરમીએ પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઘરમાં પુરાયેલા નગરજનો વધુ અકળામણ અનુભવી રહ્યા છે. અગાઉ ગત મહીને સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે એકાદ દિવસ ગરમીમાં રાહત મળી હતી. છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં અસહ્ય ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. આકાશમાં અંગારા વરસતા ચામડીના દાહ થાય તેવી ગરમી સાથે બે ચાર દિવસથી ઉકળાટનુ પણ પ્રમાણ વધ્યુ છે. વાતાવરણમાં ભેજનુ વાતાવરણ વધવાની સાથે વાતાવરણમાં ઉકળાટ પણ વધ્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમીનો પારો ૦.૫ ડીગ્રી ગગડયો હતો. જયારે આજે મહત્તમ તાપમાન ઘટવાની સાથે લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો. જો કે લઘુત્તમ તાપમાન એક ડીગ્રી વધીને ૩૦.૫ સુધી પહોંચી ગયુ હતુ. જો કે ભેજનુ પ્રમાણ ગઈકાલની સાપેક્ષમાં ઘટયુ હતુ. આજે સવારથી જ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી. સવાર થી જ બદલાતા આકાશી નઝારા વચ્ચે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ પણ ગરમીમાં રાહત અનુભવી હતી. જો કે મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેર પડયો ન હતો. પરંતુ વાદળિયા વાતાવરણના લીધે નગરજનોને આકરા તાપથી રાહત મળી હતી. જયારે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ યથાવત રહ્યુ હતુ. રાજયમાં હીકા વાવાઝોડાની અસરથી મોસમમાં નાટયાત્મક પલ્ટો આવ્યો છે. જયારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીત રાજયના વિવિધ ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે. ત્યારે આ વાવાઝોડા પુર્વે જ વાતાવરણ પર તેની અસર વર્તાવા માંડી છે. આજે શહેરમાં વાતાવરણ પલ્ટા વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ બપોરના સમયે ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ. જયારે ઢળતી સાંજે પણ નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

# રાજ્ય માટે અનલોક-૧ ની ગાઈડ લાઈન્સ

### રાજ્યમાં ૧લી જૂનથી ગાઇડલાઇન્સનો અમલ કરાશે : વિજય રૂપાણી

- કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ અને આવશ્યક સેવાઓ સિવાય કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.
- કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સવારના ૮ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી વેપાર ધંધા રોજગાર ચાલુ ચાલુ રાખી શકાશે.
- સમગ્ર રાજ્યમાં રાતના ૯ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી સમગ્ર ગુજરાતમાં કરફ્યુનો અમલ કરાશે.
- સમગ્ર રાજ્યમાં એસ.ટી બસો ૬૦ ટકા સિટિંગ કેપિસિટી સાથે ચાલશે
- સમગ્ર રાજ્યમાંથી દૂકાનો માટે ઓડ ઈવન પદ્ધતિ સંપૂર્ણ બંધ
- સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો સાથે ઓફિસો શરૂ કરવાની છૂટ
- મોટરસાઈકલ અને સ્કૂટરમાં હવે ફેમિલી મેમ્બર સાથે બે વ્યક્તિને સવારીની છૂટ, માસ્ક પહેરવું ફરજિયાત
- મોટા વાહનો-ફોર વ્હિલ-એસયુવીમાં ડ્રાઈવર વત્તા ત્રણ વ્યક્તિ મુસાફરી કરી શકશે
- સમગ્ર રાજ્યમાં સિટી બસ સેવા ૫૦ ટકા કેપિસિટીથી ચાલુ કરવાની છૂટ
- સચિવાલય અને સરકારી કચેરીઓ સોમવાર ૧લી જૂનથી ફૂલ ફ્લેજ્ડ શરૂ થશે
- ૧લી જૂનથી કન્ટેઈનમેન્ટ ઝોન સહિત રાજ્યભરમાં બેન્કો પણ ફૂલ ફ્લેજ્ડ કામ કરતી થઈ જશે
- હોટેલ, રેસ્ટોરન્ટ, ધાર્મિક સ્થળો, મોલ ભારત સરકારની ગાઈડલાઈન મુજબ ૮મી જૂન સુધી ચાલુ નહીં થાય
- કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ અને આવશ્યક સેવાઓ સિવાય કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં
- આરોગ્ય વિભાગ રવિવાર સાંજ સુધીમાં રાજ્યના કન્ટેઈનમેન્ટ ઝોન વિસ્તારો ફાઈનલ કરી તેની જાહેરાત કરશે
- શૈક્ષણિક સંસ્થાઓ-શાળા-કોલેજો-કોચિંગ ક્લાસિસ, ટયૂશન ક્લાસિસ-એજ્યુકેશન ઈન્સ્ટિટયૂટ શરૂ કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારના દિશા નિર્દેશ મુજબ જૂલાઈમાં કરાશે
- સ્થિતિ સામાન્ય બને જનજીવન પૂર્વવત થાય અને આર્થિક રૂકાવટ ન આવે તે રીતે કોરોના સાથે કામ કરવાની માનસિકતા કેળવવી પડશે
- કોરોના સંક્રમણ વચ્ચેથી પસાર થઈ રહ્યાં છીએ તે ભૂલીએ નહીં – એકે-એક ગુજરાતી કોરોના વોરિયર બનીને કામ કરે
- માસ્ક વિના બહાર ન નીકળીએ, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીએ, ૬૫ વર્ષથી ઉપરની વયના વડિલો અને નાના બાળકોની વિશેષ કાળજી લઈએ

### કોપરિશનના વાંકે સ્માર્ટ સીટીમાં ગાબડાનુ સામ્રાજય

# વરસાદી દિવસોમાં માર્ગ પર મોટા ગાબડા ઓળંગવા પણ આત્મનિર્ભર બનવાનુ....!!

### શહેરમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં ઉત્સુક તંત્ર વરસાદી દિવસોમાં આમ નાગરિકોને પડતી હાલાકીના મામલે તદન બેફીકર હોવાનો આક્રોશ

ગાંધીનગર તા ૩૦

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની ખોદકામગીરીના અંતે ઠેર ઠેર માટી પોલાણ થયા હોવાના અનેક કીસ્સા આમ નાગરિકો માટે જોખમી પુરવાર થયા હતા. જયારે ગટર લાઈન તેમજ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે હાલ પણ ભયજનક સ્થિતિ યથાવત છે. હાલ શહેરના આંતરિક માર્ગો વચાળેથી લાઈન પસાર થતા આ માટે તંત્ર દ્વારા અગાઉ ખોદકામ કરવામાં આવ્યુ હતુ. જયારે ડામરના માર્ગો પર માટી પુરીને ગાબડાને પુરવામાં આવ્યા હતા. પરંતુ વરસાદી દિવસો નજીકમા છે ત્યારે ટુંક સમયમા વરસાદ આવતાની સાથે જ આ ઠેકાણે માટી પોલાણ થવાથી વાહનચાલકો જાનલેવા અકસ્માતનો ભોગ બનશે. જયારે માટી પુરાણ બાદ વરસાદી પાણી જમા થતા જ માર્ગ પર જતી કારના પૈડા પણ ગાબડામાં ગરકાવ થઈ જાય તેવી સ્થિતિ છે. ત્યારે તંત્રએ આ ખાડા ખોદયા બાદ લાંબા સમય સુધી કોઈ કામગીરી હાથ ન ધરતા આમ નાગરિકો માટે ડગલે ને પગલે મોતના કુવા ઉભા કર્યા છે. કોર્પોરેશનનુ તંત્ર માને છે કે થોડા દિવસોમાં વરસાદ આવશે એટલે પ્રથમ વરસાદમાં માટી પુરી સેટ થઈ જાય ત્યારબાદ જે સી બી ની મદદથી માટી નાંખીને પાકુ કામ કરવામાં આવશે પરંતુ પ્રથમ વરસાદમાં જ નાગરિકોએ આ ભયજનક સ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવુ પડશે. માર્ગ વચાળેથી પસાર થતી લાઈનને અનુલક્ષી અગાઉ ખોદકામ કરવામાં આવ્યુ હતુ. જયારે હવે કોર્પોરેશનના ઈજનેરો વરસાદ આવે તેની રાહ જોવે છે. થોડા ઘણાં અકસ્માતો થઈ જાય ત્યારબાદ આ સ્થિતિ નિવારવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યાં સુધી નગરજનોએ આ મામલે પણ આત્મનિર્ભર બનીને જ રસ્તાઓ પર ખાડા આવે તો ઓળંગવાના રહેશે તેવી નિતી સાથે આ વાતને ખુબ જ સરળતાથી લઈ લીધી છે. માર્ગ વચાળેના આ ખાડાઓમાં પોલાણ ન થાય તે રીતે તેને પુરવા માટે પ્રથમ વરસાદની રાહ જોવાય છે. પ્રિમોન્સુન કામગીરીના નામે મીંડુ છે. તોતિંગ વેરો ચુકવીને પણ

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ કન્ટેનમેન્ટ ઝોનના વિસ્તારો ઘટાડવાનો મનપાનો નિર્ણય

### સે. ૨-સી, સે. ૩-બી, ૩-સી, ૩-ન્યુ અને સે. ૮-સી ના વિસ્તારોમાં ઘટાડો કરાયો તો સે. ૭-ડીને કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્ત કરાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે શહેરના પાંચ સેક્ટરોના કન્ટેનમેન્ટ વિસ્તારમાં ઘટાડો કરતા જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે. આ ઉપરાંત સે. ૭-ડી ને કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્તિ આપી છે.

ગાંધીનગર શહેરના કન્ટેનમેન્ટ ઝોનમાં ફેરફાર કરી અને નાના કરવા અંગે મનપા દ્વારા કરાયેલી રજુઆતને સરકારમાંથી બહાલી મળતાં મનપાના કમિશનરે કન્ટેનમેન્ટ ઝોનમાં ફેરફાર અંગેના નવા જાહેરનામા આજે પ્રસિદ્ધ કર્યા છે.

આ નવા ફેરફારોને પગલે શહેરમાંથી અંદાજે પાંચ હજાર જેટલા લોકોને મુક્તિ મળી છે. જો કે કન્ટેનમેન્ટ ઝોનના એરિયામાં જ ઘટાડો કરાયો છે.

જે સેક્ટરોના કન્ટેનમેન્ટ ઝોનમાં ઘટાડો કરાયો છે તેમાં સે. ૨-સી, સે. ૩-બી, સે. ૩-ન્યુ, ૩-સી અને ૮-સી નો સમાવેશ થાય છે.

જો કે આજે લોકમુખે એવી ચર્ચા થતી હતી કે દર્દી રિકવર થઈ ગયા પછી તે વિસ્તારના કન્ટેનમેન્ટ ઝોન અંગેની જે વ્યાખ્યા છે તેમાં પણ સુધારો થાય તે જરૂરી છે. રિકવરી બાદ ડિસ્ચાર્જ પોલીસીમાં જેમ ફેરફાર કરવામાં આવ્યો છે તેમ આ બાબતે પણ સરકારે સકારાત્મક રીતે વિચારણા હાથ ધરવી જોઈએ.

કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં પણ તંત્રએ બને તેટલા ઓછા વિસ્તારને આવરી લેવો જોઈએ જેથી અન્ય પરિવારને હેરાનગતિ ઓછી થાય.

**જોઈએ છે**

**પ્રતિષ્ઠિત સહકારી બેંક માટે**

(૧) આઈ.ટી. એન્જીનીયર માન્ય સ્નાતક ડીગ્રી તથા બેંકીંગના અનુભવી.

(૨) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ - બેંકીંગના અનુભવી

ઈમેઈલ કરો - Email Id : steno@gncb.co.in

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com